# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-07-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## રોજગાર સંલગ્ન પ્રોત્સાહન યોજના

કેન્દ્રીય મંત્રીમંડળે ગઇકાલે દેશમાં રોજગારીને વેગ આપવા માટે અંદાજે એક લાખ કરોડ રૂપિયાની રોજગાર-સંલગ્ન પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય બે વર્ષના સમયગાળામાં દેશમાં 3 કરોડ 50 લાખથી વધુ નોકરીઓનું સર્જન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે. ગઇકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો વિશે માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ પહેલી વાર નોકરી પર આવનારા કર્મચારીઓને એક મહિનાનો પગાર 15 હજાર રૂપિયા સુધી મળશે.

---------------------------------------------------------------------------------------------

## ભારત-પાકિસ્તાન નાગરિક કેદીઓ

ભારત અને પાકિસ્તાને ગઇકાલે એકબીજાના તાબામાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાન-પ્રદાન કર્યું. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતે તેના તાબામાં રહેલા 382 નાગરિક કેદીઓ અને 81 માછીમારોના નામ જાહેર કર્યા છે. તેવી જ રીતે, પાકિસ્તાને પણ 53 નાગરિક કેદીઓ અને 193 માછીમારોના નામ જાહેર કર્યા છે. નવી દિલ્હીએ પાકિસ્તાનના તાબામાંથી ગુમ થયેલા નાગરિક કેદીઓ, માછીમારો અને તેમની બોટ સાથે ભારતીય સંરક્ષણ કર્મચારીઓને વહેલી તકે મુક્ત કરવા અને સ્વદેશ પરત મોકલવાની હાકલ કરી છે. ઇસ્લામાબાદને 159 ભારતીય માછીમારો અને નાગરિક કેદીઓની મુક્તિ અને સ્વદેશ પરત મોકલવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે કહેવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

CM : જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, વંચિત લોકોને સરકારની જન કલ્યાણની યોજનાઓના લાભ પહોંચાડવાની સરકારની સામાજિક ફરજ છે.

ગઇકાલે ગાંધીનગરમાં જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી પટેલે જણાવ્યું કે સરકાર લાભાર્થીઓના ઘરે સામે ચાલીને જાય છે અને તેમને મળવાપાત્ર સામાજિક- આર્થિક સુરક્ષા યોજનાઓના લાભ પહોંચાડે છે.

નાગરિકોના સુરક્ષિત અને ગરિમાપૂર્ણ જીવન માટેની વિવિધ જન સુરક્ષા યોજનાઓના લાભ તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવાના લક્ષ્ય સાથે ગઇકાલે શરૂ થયેલ. જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન આગામી 30 સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

---------------------------------------------------------------------------------

CM : આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું લોકાર્પણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'નું લોકાર્પણ કર્યું હતું.

ગઇકાલે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ પ્રસંગે સ્થાપિત આરોગ્ય સમીક્ષા કેન્દ્રમાં આરોગ્ય વિષયક સેવાઓ, યોજનાઓ, કાર્યક્રમોની સર્વગ્રાહી સમીક્ષા અને મૂલ્યાંકન એક જ સ્થળે શક્ય બનશે. આ કેન્દ્રમાં આરોગ્યલક્ષી કાર્યક્રમોની સમીક્ષા કરવા સંકલિત ડિજિટલ ડેટાબેઝ અને ડેશબોર્ડની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

રાજ્ય-કચ્છમાં વરસાદ

રાજ્યમાં ગઇકાલે રાજ્યમાં આ મોસમમાં અત્યાર સુધી 34 ટકા સરેરાશ વરસાદ પડ્યો છે. હાલની સ્થિતિએ 15 ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે 37 ડેમ 70થી 100 ટકા

ભરાયા છે. ગઇકાલે વેધર વોચ ગ્રુપની મળેલી બેઠકમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન, હવામાન વિભાગે રાજ્યમાં જુલાઈ મહિનામાં સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. દરમિયાન ગઇકાલે કચ્છ જિલ્લમાં મોટા ભાગના વિસ્તારોમાં વરસાદના વિરામ સાથે ઉઘાડનો માહોલ રહ્યો હતો. કચ્છ જિલ્લામાં સારા વરસાદને પગલે કુલ 10 તાલુકામાંથી 7 તાલુકાઓ અછત મુક્ત થયા છે.

---

## સિનિયર મહિલા રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા

ગુજરાતમાં પ્રથમવાર ભુજમાં રમાઈ રહેલી રાષ્ટ્રીય સિનિયર મહિલા હેન્ડબોલ સ્પર્ધા જેમાં વિવિધ રાઉન્ડની 38 મેચોમાં આઠ રાજ્યોએ આગેકૂચ કરી છે. સમગ્ર સ્પર્ધાના નિરીક્ષકોએ ઉત્કૃષ્ટ મહિલા ખેલાડીઓને ભારત દેશની હેન્ડબોલ માટે પસંદ કરતા નામો તારવ્યાં હતાં, જેને હવે વિશિષ્ટ તાલીમ બાદ કોમનવેલ્થ અને ઓલિમ્પિક સ્પર્ધાઓની તૈયારીઓ કરાવાશે તેવું રાષ્ટ્રીય કોચ સી.પી. સિંહે માહિતી આપતાં જણાવ્યું હતું. દરમિયાન રાપર ધારાસભ્ય વીરન્દ્રસિંહ જાડેજા ટોસ ઉછાળી મુખ્ય રાઉન્ડ શરૂ કરાવશે. જુદા જુદા 25 રાજ્યોની ખેલાડી મહિલાઓને સ્પર્ધા વચ્ચેના સમયે કચ્છના પ્રવાસન સ્થળોની મુલાકાતની વ્યવસ્થા લેવા પટેલ સમાજ દ્વારા કરાઇ છે જેના કારણે દેશભરની ટીમોને કચ્છ દર્શનનો લાભ પણ મળ્યો છે.

---

## ક્રિકેટ

ભારત અને ઇંગ્લેન્ડની ક્રિકેટ ટીમો વચ્ચેની પાંચ ટેસ્ટ મેચની શ્રેણીની બીજી ટેસ્ટ મેચ આજે બર્મિંગહામનાં એજબેસ્ટન ખાતે રમાશે. મેચ ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. ઇંગ્લેન્ડની ટીમે ભારતને પાંચ વિકેટે હરાવી શ્રેણીમાં એક શૂન્યની સરસાઇ મેળવી છે.

---

## નો બેગલેસ ડે

ન્યુ એજ્યુકેશન પોલિસી 2022ના નિયમની ધીમે ધીમે ગુજરાતમાં અમલવારી શરૂ થઈ રહી છે. જેમાં પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે નો સ્કૂલબેગ ડે રાખવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં આવતા શનિવાર ( 5 જુલાઈ)થી **ધો.1 થી 8 વિદ્યાર્થીઓ માટે** નોસ્કૂલબેગનો અમલ થશે. શાળામાં શનિવારે અભ્યાસ સિવાય ઈત્તર પ્રવૃતિ કરાવાશે.

---

## અબડાસા : તેરા તળાવો વધામણા

અબડાસા તાલુકાના તેરા ગામમાં સારા વરસાદને કારણે ત્રણ ઐતિહાસિક તળાવો ઓવરફ્લો થયા છે. આ શુભ અવસરે તેરા ઠાકોર મયુરધ્વજસિંહ જાડેજા અને તેમના પરિવારજનોએ તળાવોના વધામણા કર્યા હતા. સમગ્ર ગામમાં જળ ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનોએ આ ઐતિહાસિક ક્ષણને માણી હતી.

---